
પ્રજાપોકાર.

શુધ ગુજરાતી ભાષાથી

રચનાર

શહગરહુરથ બા[illegible].



આ ચોપડી સને ૧૮૬૭ ૨૫ મા કાયદા પ્રમાણે
સરકારમાં રેજીસ્ટર કર લીધી છે માટે એના ધણી
ના હોકમ વગર બી કોઈએ છાપવી નહી.

મુંબઈ મધ્યે

વરતમાંન છાપખાનામાં છાપી.

સને ૧૮૭૪. કીમત રૂ ૦૧

ઈશવર પ્રાર્થના.

મોતીદામ છંદ.

અહો વરદાયક [illegible] દેવ,
કરું તુજ આદિ નિરંજન શિવ;
અરાધિય આતમ [illegible] અવિકાર,
હરો મુજ દેશતણા દુખ માર. ૧.

નથી શુખ દેશ [illegible] જવ લેશ,
પટોભટ માંય [illegible] રાંણું કલેશ;
દિશા દિશ [illegible] પોક પોકાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૨.

વધી ગયું વાતનું વાદવિવાદ,
નથી શંભળાતિજ કોયનિ દાદ;
પ્રજા શદના કરિજાય વિચાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૩.

પ્રજા તણ પાપડ જેમ ભુંજ
પડેપડિ રાજને રંકનિ હાય,
ફૂટી કુટિ થાકી થયા જન ઠાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૪.

શુણાયન વિત્ય વિન્યા કઇ વાત,
ખરો ઇનશાફ દે રોકડ માત;
રમી રહ્યું ક્રોધ ઉમા કારભાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૫

અબોધબ માંડિ રહ્યા ગમસાણ,
મલ્યા સહુ મૂરખ ભુત મશાણ;
નથી નર કોયકે શસ્ય વિચાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૬.

અરે યમનીકરશે નહિસાર,
હવે ભવતારણ તુ ચડવાર;
કૃપાકરિ એશહુ વિઘ્ન નિવાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૭.

ભણી ભણિ ભાટિ ભણે ભગવાન,
પ્રજા પતિના કરકો ટિકકાન;
સુણે શુભ છંદ સજે દિલસાર,
હરો મુજ દેશ તણા દુખ માર. ૮.

હરીગીત છંદ.

ધંધમ્યા ડુંગર દેશના, આકાશ આભી પરજલ્યો;
પૃથ્વી બલી પાતાળ, ધુંધાકાર અતિ નભમાં ઢલ્યો.
ઊગ્યોજ ભાનૂ પશ્ચિમે, થઈ શતખંડ તારાની ગતી,
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૧.
આગર ભરાયો અન્નનો, [illegible] ચાલી શોકની;
વરસાદ વરસ્યો લોહિનો, થઇ હાણ લોકો થોકની;
વસ્તી વહીગઇ વેગમાં, ગઇઓ પ્રલય કાલે હતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૨.
ભવને ભવન ભમરા ભર્યા સ્તેજ રેલ [illegible];
આકાશ રમિયો રાજમાં નરસીજ સહુ ઊ. ૩.
અપડાવિ શાણા લોકને, ફળાવિને માર્યા અતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૩.
વિષ્યથી ભરાઇ ઝાવડી, કોકૂપ કંકાસે ભર્યા;
જ્યાં દેશની ધુંધ્વાર માં, જન પ્રાણ લઇને પરહર્યા.
ત્યાં કુકર્મોના કોટ મોટા, કપટની ખાણો અતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૪.

જ્યાં જળ હતું ત્યાં સ્થળ થયૂં, સ્થળની જગોમાં જળ ગયૂં;
જ્યાં રણ હતૂં ત્યાં વસ્તિ ગઈ, વસ્તી હતી ત્યાં રણ થયૂં:
દુખમાંજ દેશ દુખાવિયો, સુણતાંજ ઉપજે આવૃતી.
વિનાશ કાલે જાંણવી, વિપરિત માનવિની મતી. ૫.
વનવૃક્ષ સહુ વેરી થયાં, ફળફૂલ અંગારા ખરે;
ફુમડાળ પત્રે વીજલી પડિ, સઘન વન શળશળ બરે.
લેજે હવે સંભાળ શ્રી ... ા કારણ ... સૂટી પતી;
વિનાશ કાળે જાંણવી વિપરિત માનવિની મતી. ૬.
પ્રભુ જીવ જીવ્યા જનને આપી, યવન હાથે સોપિયા;
બલ બાંધિ બેઠા બુદ્ધિ હીણા, અધિક અમપર કોપિયા.
કહો કેમ એથી ઊગરે, ત્યાં પોચશે કોની ગતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૭.
દેન-સાફ ખાતૂં અધ જો, કાયદા કોડી ભરા;
પરલોજ ઊપર ધંધ તેનાં, અર્થ પોતાના ખરા.
એવી તરેની રાજધાણી, ક્યાંત ક્યાં દીઠી હતી;
વિનાશ કાળે જાંણવી, વિપરિત માનવિની મતી. ૮.

રાગ પરજ.

શેઠ શાગડશા શાધુને શંધે (એ રાગ.)

અરેરે દેશડો દાગ્યો રે દેશમાં દાવાનલ લાગ્યો રે ટેક
દાવાનળ લાગ્યો, ને ભ્રમશ જાગ્યો,

દાડાની થઇ ગઇ રાત;
પુરના સિપાયો, પુરને રે લૂટે
શાંભળે કોયન દાદ; અરેરે૦ ૧

ધોળે દાડે નિત, ધાડપાડે ધાડ,
પોતે પોકારી પુકાર;
માજન લોકના, અંન ધન આબરૂ,
લૂટે રાજ દરબાર અરેરે૦ ૨.

ધડધડી ત્રાંબાનિ ગેડિ લંબ્યો[illegible]ા,
વાગીઆ વેરી નીશાણ;
રાજ્યે લશકર, પુરપર ફેર્યાં,
ગાજી રયો ગમ શાણ. અરેરે૦ ૩.

ભૂંગળ ભેરીને, જુગલો [illegible]ગે,
થાએ તૂરીના નાદ;
નશુર કુંમર, લક્ષણ ભ[illegible]ા,
ખુલી તરવારો હાથ. અરેરે૦ ૪.

પલટનો પેદલ પાર વિનાના,
અણ શમજુ અશવાર
નાજા કરી તેને, વરતી [illegible]રવાર્યા,
મારો માજનને માર. અરેરે૦ ૫.

સાથે હથીઆરે, નગ્રમાં પેઠા,
ઓચીન કોયને જાણ;
આબરૂ દારોને, ઓચીતા પકડ્યા
મારી મારી કાઢ્યા ગાણ. અરેરે૦ ૬.

કેકોને હોઠ હલાવતાં માર્યા,
કેકોને ચાલતાં ચાલ;
મુશકે બાંધી મોલાતમાં લઇ ગયા,
કીધા ઘણા બે હાલ. અરેરે૦ ૭

ગાડાંભરી જંજીરના લાવ્યા,
કીધા બધાને કેદ;
રાજીનામુ લેવા રોકી રાખ્યા શઊને.
ભુખે માર્યા રાખી ખેદ. અરેરે૦ ૮

માહાજન જોઈ મૂંજવાઈ પડ્યો હવે.
કરીઓને કેવા ઉપાય;
જંગલી જુલમ જોરથી જોયા,
લોક કરે હાય હાય. અરેરે૦ ૯.

કેકોયે મંદીર માંડીને મલીઆં
મલ્યા ચણાવી માળ;
દેશના દુખથી દાઝી મુઆ જન.
નારી થયા તરપાર. અરેરે૦ ૧૦.

કોકોય કોટિઆ કાંડે ચઢાવિઆ,
મેલ્યા મડામાં વાણ;
ગામ ગિરાશ તમાંમ તજ્યા જંન.
દેશ કર્યા વેરાણ. આરેરે૦ ૧૧.
કોઈ કોરીના કારભારી જેનિ,
રાવણથી બદરીત;
સત્ય અસત્ય વીચાર નહીં [illegible]ના,
પઇશા પોચે તેની જીત, આરેરે૦ ૧૨.

રાગ જો[illegible]ગીનો.

ગત[illegible]ળ.

ઢાડ પા[illegible] મારીનો.

શંખી આવીલા કારકુન મ[illegible]ક કંથઅધારીઆ (એ રાગનો)

જાઓ જાઓ રે ઉડી[illegible] કાશીધ, જડપથી જાજોરે,
જઇ દેવ લોકની મા[illegible], વિશામા ખાજોરે. ૧.
મારા દેશના દૂખની વાત, દેશોતને કેજોરે,
કરી શોશો વાર શલામ, શંધેશા દેજોરે. ૨.
તારા દેશમા પડીઓ [illegible]ખ, જનો શઉ દાજેરે,
મોટા દઇતો તણારે દમામ, નગરમા ગાજેરે. ૩.

કુડા કારભારી ઓની કાસુ, અંનીતી ભારીરે,
કોય જંપીન બેશે જીવ, રડે નર નારી રે. ૪.
પાણી ચોવટે લાચો ખાખ રડાવે લોકોરે,
રડે ધ્રુશકે ધ્રુશકે હાય પ્રજામા પોકોરે. ૫.
રૂડા લાખો લાખીણા લોક પીડા બહુ પામેરે,
તે રંચન માને રાય જુએ નહી શામેરે. ૬.
રડે દેશ રડે પર દેશ રડે પરદેશીરે,
રડે ચોવટા હાટ વખાર રડે મારા દેશીરે. ૭.
રડે પલવભાર અઢાર રડે વન માડીરે,
પડયો શોકનો ટાડો દુકાલ રડે રે બારીરે. ૮.
કોય શાચી નથી ભજે વાત, પક્ષની તાણે રે,
માંગે મુલે જડે ધનશાક કડે નાણે રે. ૯.
જનનાશી થઆ તરપાર રુઆ ગરવાશીરે,
કોય રચ્યા અનાડી અજાણ અગોરી ઉદાશીરે. ૧૦.
નાઠો માધાણીનો મોર ભીમાળી બાગારે,
મરી સુતા માજનના મંત કંકાશમા દાજયારે. ૧૧.

શાડાકો.

પ્રારંભે ગવરી સુતના ગુંણ ગાઉ,
શમરી શોડાકો જુલમીનો ગાઉ. ૧.

શાગ બજારમાં શુંદર વર શાભે,
ઘોરે બપોરે જુલમ જાંમે. ૨.

જુલમ જાલમી જબરો કેવાએ,
એવો બીજો નઈ જગતમાં થાએ. ૩.
ઘોરી ધુકારે પડેછે પોક,
ઉભા જુએછે લોકોના થોક. ૪.
જોતા જનોને કોતક થાય,
બાજી બાણીઆ ભરવાને જાએ. ૫.
વાંકે અંબોડે બેડલુ માથે,
લટકે પીતરનુ કરશીઉં હાથે. ૬.
આંખે અણીઆરી ભાએરા શો હોએ.
રૂપ રંભાથી બીશેશ થાએ. ૭.
અત તરૂણીલે તરૂણી લણુ,
હેમ ચાંદીના અંગે આભ્રણ. ૮.
પારો જરમરને બાજુરહાર,
તુલશી ત્રોટીને આકોટીં શાર. ૯.
અતી ઓઢણી ભભકા ગાજે,
પગમા કાંભીને કડલા વાજે. ૧૦.
ચાલે ચાકીને ઠમકતી ચાલ,
ફુલગુલાબના જેવા ગાલ. ૧૧.

એવી આવતી વીજળી જેવી,
દીઠી ફુલસીએ ઉપરથી તેવી. ૧૨.

કારભારીએ ભોજીને દેખી,
કોરી શાનાની ઉપરથી ફેંકી. ૧૩.

અબળા જાણે નહ કપટીની રીતી.
દીઠી કોરીને બંમાણી પ્રતી. ૧૪.

બેઠુ થોભીને ઉપાડી કોરી,
મનમાં હરખી ગઇ ભોજાની છોરી. ૧૫.

મુખે મુશકાતી આવતી જાએ,
માતી જોબણે મસ્ત માય. ૧૬.

એવું જોઇને શપાઇ ઉઠે,
ઊઠીને લાગો અબળાની પુઠે. ૧૭.

આવી એચીતુ હાથજ જાલ્યો,
બેઠુ જોટીને શપાઇ ચાલ્યો. ૧૮.

ભોજી થરથરથર કંપવા લાગી,
આતો ઉલટી વેદના જાગી. ૧૯.

મારે કામશુ આવશે કોરી,
લાજ લુટેછે દરાર ઘોરી. ૨૦.

ફગવી કોરીને ઉભાજ રઇ,
આંખે આંશુની ધારજ વઇ. ૨૧.

મુજ રંકને શીધને શંતાપો,
આલ્યો કોરીને બેડલુ આપો. ૨૨.

હું તો લાજુછુ ભરી ભજાર,
ઉભા લોકોના થોકો ચોમાર. ૨૩.

મારૂ વાંકશુ વિચ્યારો વાત,
બેડુ મુજને આપોનિ ભ્રાત. ૨૪.

શુણતાં શપાઇ છોકરો થયો,
હજી પણ તારો હઠ ન ગયો. ૨૫.

હુકમ પડ્યો શું અમારે હાથે,
બાજા ઘણા છે અમારી માથે. ૨૬.

ચાલો તે પાશે ઉભાજ થાઓ,
કોરી આપીને બેડુ લઇ જાઓ. ૨૭.

પ્રથા વાતને શીધ વધારો,
ખોટા વિચ્યારો શ્યામાં ધારો. ૨૮.

આવો અંદરથી બેડુ લઇ જાઓ,
ઘીમાં રાખીને શીરમા ખાઓ. ૨૯.

શમજી શત્યને અબળા થૈ કાલી,
મરડી વાંશુને ઠમકતી ચાલી. ૩૦.

અંદર લઇ ગયાને દાદર ચડી,
ટાડી વાગીને હાકલ પડી. ૩૧.

ગરબી.

સુંદર શ્રી ગોકુલ ગામરે. બેહારી શાંમ. (એ રાગ.)

દેશમાંય પાછા પધારો રે. બેહારી લાલ. ૧
દેશડાના માંનજ્યા સુધારોરે. બે૦ ૨
રાખીએ તમારી આશરે. બે૦ ૩
ચાતુક મેગ પિઆસરે. બે૦ ૪
તનમંન ધનથી ચાહીએ. બે૦ ૫
જનમો જનમ ગુણ ગાઇએ. બે૦ ૬
માંગીએ ઇશપાશ એવું. બે૦ ૭
દરશણ તમારૂ દેવું. બે૦ ૮
જુલમ થયો આંઇ ભારી. બે૦ ૯
કુતડા પડયા ઘર ફોડી. બે૦ ૧૦
ઘેરના બાડકોને ઘેર્યા. બે૦ ૧૧
રાજાએ કુતડા હેર્યા. બે૦ ૧૨
સુખ મલિયા તેણે બાર્યા. બે૦ ૧૩
પછે પ્રજાથી બાધા. બે૦ ૧૪
કેટલાક જનને કરડયા. બે૦ ૧૫
કેકોના આબરૂ ખડયાં. બે૦ ૧૬
ધુમધામ લાંયો બાય. બે૦ ૧૭
જોતા જુલમ બઉ થાયરે. બે૦ ૧૮

નથી અન શાકનો નામરે. એ૦ ૧૯
કેવલ કોરીનો કામરે. એ૦ ૨૦
કારભારમા જનકાચ્યાં. એ૦ ૨૧
કુતડા જેવડા દાચ્યા. એ૦ ૨૨
તૃટી વીવેકનિ ટેકરે. એ૦ ૨૩
આબરૂ થઆ પેક મેક રે. એ૦ ૨૪
જરાન લાગી રાયરે. એ૦ ૨૫
અધમ અનિતી થાયરે. એ૦ ૨૬
માજન જોઇ મન મુજયો. એ૦ ૨૭
દેશ તજવાનો શુઝયો. એ૦ ૨૮
કુદીને કાંપમા ચાલ્યા. એ૦ ૨૯
વાણીઆએ વાવટા જાલ્યા. એ૦ ૩૦
વણ માચ ત્યાં ગયવિતિ. એ૦ ૩૧
નિકરી એકને રીતી. એ૦ ૩૨
કોણજાણે શું થશે. એ૦ ૩૩
વસતી વેરાઇ જાશે. એ૦ ૩૪
હવે ઉપાય શૂં કરશું.. એ૦ ૩૫
હાથમા કલમો ધરશૂં. એ૦ ૩૬
રાખશુ નઇ વાત છાંની. એ૦ ૩૭
શાયછે માતૂં ભવાનિ. એ૦ ૩૮

ગરબી.

શુણુ વાસલડી વેરણ થૈ લાગીછે વ્રજની નારને (એ રાગ)

વશવાયાલોક વદતા વાદ કરોતો વાતન કીજીએ.
અભીમાન તજી વેગે વેરાજીને ગોડા દીજીએ.

તમો વાદ તજોની વણશારો,
હજી વાતનુ એક નીપ આરો;
તમો બારપડયા ધીરજ ધારો, વશવાયાલોક. ૧.

હવે દાવ પડયો છે તમ હાથે,
ફરતી આવિ પોતા માથે;
શહુ શંપકુરિ મિલજો શાથે. વસવાયાલોક. ૨.

તમો શરવનો જો શારે ધારો,
યવનોને પુર બારે કહાડો;
થશે દેશ શુધારો બહુ સારો, વસવાયાલોક. ૩.

શહુ કાલતણે મોડે આવ્યા,
તમપરતે લાગબહુ ફાવ્યા;
તમને લુટી બંધાવી બહુમાયા. વસવાયાલોક. ૪.

વિશવાશ કરેજો વેરીનો.
જુરમાંપ અથાણો કેરીનો;
જેથી જાન જશે તમ સરીનો. વશવાયાલોક. ૫.

છો પ્રેમલીઆ પંખીજેવા,
નથી માનતણો લેવા દેવા;
રખેબીજાતના બારે રેવા, વશવાયાલોક. ૬.

અમ ઉભા જોવાંશિહાડા,
કરમાં કળમોના કોઆડા;
તેથી કાપસું શંકટના વાડા. વશવાયાલોક. ૭.

અજનાર ધણી લેશુ શાથે,
શતશેન શજી પડસું માથે,
નિજ દેશ કરીલશું હાથે. વશવાયાલોક.

૫૯

વાઆ લોકો વિપ્રો શાથે પાડયો વાંદો. (એ રાગ.)

વાણીઆણી જાયા પાછો ન ફેરતા વાંસો,
આગલ છે દોરી ફાંસો. ટેક.
જઇ પ્રેમલી આડા પાશમાં,
મળતાં માન દિલશો;
અન ધન આબરૂ તમામ ખોશો,
દારૂણ દુખીઆ થાશો. વા૦ ૧.

નથી ન્યાયનુ નામ નગરમાં,
નથી શતનો વાશો;
ન્યાયદીશ નાણાના ભુખ્યા,
એવો અજબ તમાશો. વા૦ ૨.

ચોવટીઆ ચોરોના ચોરો,
વકીલ વણ અભ્યાશો;
કુટણ કરડા કારભારીઓ,
તેથી પંઢ પીડાશો. વા૦ ૩.

હાલ અંગપર હકીકત હુમલા,
ધકા ધમકી શાશો;
તેથી પીડા તમોને પામો
છેવટ શુખીઆ થાશો. વા૦ ૪.

રાએ રઆતપર રેમ કરીનો,
આપે અદલ ખુલાશો;
દર દેશિના ન્યાય તખતપર,
પરદેશી પધરાશો. વા૦ ૫.

જુઓ જરજ માનકરો જોવા,
ઘુણી બેહારીઆ શાશે;
દેશ હેત અંનશાફ માગવા,
એક શંપ થઇ જાશે. વા૦ ૬.

કરો કાયદા કોરત નાતો,
ને ન્યારા મતઆશી;
ન્યારા ત્યારા જોઈ કાયદા,
ખડખડ આવે હાશી. વા૦ ૭.
નથી સપનો વાંક રંચતો,
નથી રાજમાં ગાશી;
નથી શાન્તિ સેતન્યાકૈ,
થાશે અનંત ખ્યારો. વા૦ ૮.

લાવણી.

ચલો ચલો શું વાર લગાડો ર[illegible]ના નિદર રણમાં. (એ રાગ.)

[illegible] તજો સહુ સિર વંદનને, વશિએ જઈ વનમાં,
થઈ વસ્તી વેરાણ વશિયા, ઝેર જનો જનમાં;
મગાવી ઘોડા ઉંટ ગાડ[illegible] ગર તેમા લાડો,
કરો ઉચાપત ભાઈ, [illegible]ને નથકારી છાંડો.
સહુ તજો દેશની આ[illegible], વિદેશી, કરો દેશિવાશી,
ઝટ પડો હીમતે બહાર પડી, સહુ જન સુખીઆ થાશી;

જુલ.

ઈનસાફનુ ખાતુ અંધ દેશના જેમાં,
પર પરંશા ઉપર ધંધ અદાલત એમાં;
શકુ કુરણ કરડા કારભારીઓ એમાં,
નર ધનની મોટી બાત ખરેખર તેમાં.
એવા દેશમાં કેમ રહાશે, કરો ક્યાસ મનમાં.
થઈ વસ્તિ વેરાન વસિગ્યા જેર જનો જનમાં. ૧.
નિજ દેશતણું, ઈનશાફ કાએદે, નઈ કેને આપે,
પર દેશતણું કંકાશ લઈ, નિજ દેશ વિષે થાપે;
લે શમજણ વણ લાગે ગરદનો, રંકરૈયતી કાપ
કરે અદમ અન્યાય [illegible]વથી, ડરે નહીં પાપે.

જુલ.

દુર દેશનો દાવો એકલ [illegible]રથી કાપે,
વઈવટ કરનારા વિના [illegible]ળા આપે;
બાઈરા પર દાવો જો જુલમથી થાપે.
કોઈ શુણેન શાચી વાત, [illegible]ંચને પાપે.
એવા ધંધ નિજ અરથે રાપી કરે કલેશ જનમાં.
થઈ વસ્તી વેરાન વસિગ્યા જેર જનો જનમાં. ૨.

ચાર શહસ્ત્ર જોજન પર, વઇવટ શું શું ચાલ્યો છે,
તે બાઇરાને પુછવા તેડાવે, ખરો લાંચીઓ જે;
જયા નઇ બાઇરાનુ, નામ કદાપી, નઇ બાઇરા જાતી,
ત્યાંનો આરોપ બાઇરાપર રોપે, જુઓ જુલમ પાતા.

જુલ.

તરકટનો દાવો એકલ તરફી છાણે,
પ્રતી વાદીન વાદીપાસ ગરજ નઇ આણે;
નઇ શમદ પુગવા કામ નીમ જટ તાણે,
એ શહુ ગરજાદા ગઇ રોકટે નાણે.
એવા શંકટો રોજ શોશતાં મરશું જોબનમાં,
થઇ વસ્તી વેરાન વશિગ્યો જેર જનો જનમાં. ૯

એ જુઓ જનુની રીત નરથો કરે અધમ આણી,
કાઢે પોતાનો કામ દેશની કરે ધુળ ધાણી.
પ્રજા શહુ પચિ પચિ પિડ થાય જુદ નઇ રાય ફેરી વાશો,
રમી રહ્યો કોરીમા કારભાર શુદેશી શહુ દુખીઆ થાશો.

જુલ.

માટે શહુ શર્જન શંપ કરી રહો ભાઈ,
શહુમળી હિંમતેબ્હાર પો જટપાઈ.
નગરીમા અતી અંધેર ગણી ઠગ પાઈ,
શહુ કદર વગરનાં કાર ભારિ કાચાઈ;
એવી આપદા રોજ શબ્આથી, શુખ્ય વશવું વનમાં.
થઇ વસ્તી વેરાન વશીગ્યો જેર જનો જનમાં. ૪.

ગોરબી.

સારૂં સારૂં રે સૂરત શેહેર મુંબઈ અલબેલી—એ રાગ.

પામી પામીરે પીડા પૂર નગરી નરમાળી,
ત્રાહિ ત્રાહિ કરે થઇ ચૂર જુલમ જુલમ ભાળી. ૧.
જુલૂમ ભાળી હાથ અફાળી રડતી રૈયત ન્યાળી રે,
જુલમ જુલમનો મેઘ વરસિયો વસ્તી થઇ સહુ ખાલી. નગરી૦ ૨
લૂટી પ્રજા લાલચૂ થઇને, મંત્રીની મતિ મારીરે,
કારભારી કાળા મુખ્યવાળા, રાખ્યા જુલામ જુગારી નગરી૦ ૩.

મૂરખ મંત્રી મંદ મતિનો, ધુંધી સહૂ દરબારી રે,
જાણે નહી રાજની રીતી, ઊરે અનીતી ધારી. નગરી૦ ૪
દીસે કસાઇ જેવા સઘલા, કારભારી કંકાશીરે,
દંડે દેશ કલેશ કરીને, દઇ ગલામાં ફાંશી. નગરી૦ ૫
હાહાકાર કરે જન હઇડે, મુકે મુખથી પોકરે.
આપ દેઇ સંતાપ થકી બહુ શોક કરે સહુ, લોક. નગરી૦ ૬
અતિ અંધેર અધમ થયો જયાં, હડ હડતો અન્યાયરે.
ઘાલે દાડે ધાડ પડે ત્યાં, દેખી કેમ ખમાય. નગરી૦ ૭
પ્રજા કરે પોકાર પિડાઇ, સુણે નહીં દરબાર રે,
રંક બીચારી રૈયતને જયાં, સપડાવે સરદાર. નગરી૦ ૮
કઇક કુટંબો દેશ તજીને, નાઠા તજી ઘરબાર રે,
કઇજંન દંડ દેઇને બચિયા, વર્ત્યો હાહા કાર. નગરી૦ ૯
જુલમ કરીને બહુ જુલમીએ, કીધી અધિક ખરાબી રે,
રાજ પતી થઇને રોલ્યા જન, દેશ દિધો સહુ દાબી. નગરી૦ ૧૦
કારભારી જઇ સિપાઇ સાથે, નિર્ભય થઇને સર્વ રે,
ફેરાફેર ઘુમતા ફરતા ગર્વીલા કરિ ગર્વ. નગરી૦ ૧૧

દયા વિનાના દુષ્ટ હરામી દુભે દુખીઆ જન રે,
જનને દંડ દેશ દિલમાં કરે લૂટે તન મન ધન. નગરી૦ ૧૨
આણે નહિ તે અંત જુલમનો સુણે નહી સરકાર રે.
ત્રાણથકી બેહાલ થઇને પ્રજા કરે પોકાર. નગરી૦ ૧૩

રોળાવરત.

પ્રૌઢ તેજ પરતાપ, અટલ શિર છત્ર ધારી;
સુધડ શિઆણા શૂર છંદ સુણજો સુખકારી. ૧.
નથી રાખતી દ્વેશ, રાજથી પ્રજા તમારી;
સદા અભાગી દુષ્ટ, તજ્ય સંભાપ અમારી. ૨.
જોઇ અમારી રીત, અહીં લગિ આપ પધારી.
કરી અધિક ઠકુરાઇ, અબરૂ આપી ભારી. ૩.
અતિં શ્રમ લીધો અમે, અમારી ફરજ વિચારી;
દેશ હેત અભિમાન, ધરી શુભ ટેક વધારી. ૪.
નથી અકલનો વેર, નથી કંઇ ટેટો ચાડી;
નથી વિચારો દુષ્ટ, નથી બુદ્ધી વણસારી; ૫.

અદ્ભુત અસલી રીત, મેં દ શુભ મોટા વાળી;
યથા મતિ અનુસાર, બનીતે કહું વીસ્તારી. ૬.
કરી દેશપતિ જવા, આગમોટે તૈયારી;
બેઠા મ્યાને આપ, ચડી ચમકી અસ્વારી. ૭.
શાભીતા સિરદાર, શૂર સૌ શસ્ત્ર સહારી;
અલબેલા અસ્વાર; વીર રણ ધીરજ ધારી. ૮.
ચક ચકતાં હથીઆર, ઝળ ઝળે જયોતી અપારી;
ઢળકે ઢાલ તરવાર, વાંકડી કમર કટારી. ૯.
હેમ જમૈયા સાથ, પેટમાં પોળી પાળી;
બરછી બાવન ફુટ, શવા મણ ભાથા ભારી. ૧૦.
પાર વિના પલટણો, પાયદલ ગણતી ન્યારી,
અસંખ્યાત અતિ સૈન્ય, કવી મતિ કથતા હારી. ૧૧.
સોના સરખા સાજ, કેસરી કસબ કિનારી;
જોતાં મન હરખાય, રાજ નીતી સુખકારી. ૧૨.
ઉન્મત અગણિત અશ્વ, અતી ઓપે અસ્વારી;
ગજ પતની પર ભવન, ધરી કીધી અંબાડી. ૧૩.

સો સોનાના સાજ, કોતલો સરસ શૃંગારી;
શોભીતા સુખ પાલ, પારવણુ રથને ગાડી. ૧૪.
નભ ગાજયો ધનઘોર, પડી ડંકા પર ડાંડી.
ડગ ડગીયા દિગપાળ, ધંધ્ધગી ભૂનીયારી. ૧૫.
જુએ જગતના લોક, ચઢિને બારિ અટારી;
જોતાં કૌતક થાય, અતીસે અચંરજ કારી; ૧૬.
મુકકે મુકકે ભણ્યા, છોકરા તાળી પાડી;
પૂછેતે મહિપતી, મિયાને મોડું કાડી. ૧૭.
શું બોલેછે બ્હાર; બાલકો આમ પુકારી;
સુણી જુકિતની વાત, તર્ત ફેરી અસ્વારી. ૧૮.
ગયા નાઠી તે ઠામ, સેન સહુ પાછી વાળી;
એજ મરમની રીત, હ્રદેમાં રાખો ધારી. ૧૯.
પોટે સમઝી જાય, બધૂં તેની બલિહારી;
ભણે કએ શું થાએ, જુઓની વાત વિચારી. ૨૦.
કેવલ કુડા કારભારીઓ) કુટિલ જુગારી;
નૂણ હરામી ચોર, દુષ્ટ પાપી વ્યભીચારી. ૨૧.
અરરર રરયો જુલંમ, કરે જુલમીગા ભારી;
રડે આપતે રાગ, પ્રજા સૌ હાય પુકારી. ૨૨.

પડી પૂર્વની ટેવ, જુલમની નિપટ અનાડી;
સુમજોછો સરદાર, ટલે નહી તમથી ટાળી. ૨૩.

કોરીમાં કારભાર, નથી નિર્ધનની બારી;
અર્થ સરેતો ઝટ, ગર્દનો નાખે મારી. ૨૪.

દેશ તણા ઈન્સાફ, કરે નહિ હક્ક સંભારી;
દુર દેશના નામ, લઇ પેરાવે પાળી. ૨૫.

અધમ અનાડી રીત, નથી એવી સરકારી,
નિજ અર્થે પૈસા, મેળવવા કાંશી ઢારી. ૨૬.

ડુબ્યો દેશ અન્યાય, વાતમાં વિખછે ભારી;
દુર દેશના ન્યાય, નિવેડે અભણ અનાડી. ૨૭.

નહિ વાદી પ્રતિવાદિ, પાસ વાદીની નારી;
કુટિલ કરેરે કરી, તર્ત તેનાથી યારી. ૨૮.

પામી પૈસા પુર, સંબંધ કરે વ્યભિચારી;
પ્રતિવાદી પરદેશ, ચલાવે તેની નારી. ૨૯.

સહસ્ત્ર જોજનની વાત, જાય નહિ જયાં કો નારી;
ત્યાંનો દાવો ધરી, ફુલાવે સતિ પરણારી. ૩૦

નોતી તે નિર્લજ, ગઈ નહિ તેહ બિચારી;
કુટિલ કસાઈ ન્યાય, નિવેડ્યો એકલ પારી. ૩૧.

પ્યાદાને અસવાર, મોઝલો અતિ દુખકારી;
ફરી જમેથી ચાંપ, દેશ અંતરમાં ધારી. ૩૨.
અધમ અનીતી તણી, વાત નઈ જાય વિસ્તારી;
સુણો નાહી સરદાર, રંયત સહુ રહે બિચારી. ૩૩.
ખૂબ તરકટો કર્યા, હામ હૈયાની હારી;
દેવ થકી નહિ ડર્યાં, ધરમને તજ્યો વિસારી. ૩૪.
ડોકી પડીને હાથ, સૌ ફાંફાં મારી;
રામે રાખી લાજ, થઈ મુંબઈ મામારી. ૩૫.

કડવું ૪૪ મું રાગ પરજ.

ઓખા કરેછે શાદ હઠીલા રાણાજી. (એ રાગ.)

અમે અતીરે અનાથ કંગાળ. હઠીલા રાણાજી.
ખરા કીધા અમારા હાલ. હઠીલા. ૧.

અમે કેને કઇએ જઇ આજ. હઠીલા૦
થઈ પોતાના દેશની લાજ. હઠીલા૦ ૨.
તમેછો શાચા શરદાર. હઠીલા૦
નથી વાંક તમારો લગાર. હઠીલા૦ ૩.
નથી અંતર માય અનીત. હઠીલા૦
નથી નાતીથી ઉલટી રીત. હઠીલા૦ ૪.
કેવલ કારભારિઓની કાંણ. હઠીલા૦
વારી નાખ્યો શુદેશનો ગાણ. હઠીલા૦ ૫.
નઇ રાખે જરા દરકાર. હઠીલા૦
લુટે ચોવટા હાટ બજાર. હઠીલા૦ ૬.
અતી ન્યાયને બાને અન્યાય. હઠીલા૦
ફરી રોકડા નાણાં ખાય. હઠીલા૦ ૭.
જાણે રાજા વગરની રઈત. હઠીલા૦
એવું જાણીને લુંટે દઈત. હઠીલા૦ ૮.
રાખે રાજની રંચક કાંની. હઠીલા૦
શઠ વાત કરે મંન માની. હઠીલા૦ ૯.

રઓ કેવલ કોરીનો કામ. હઠીલા૦
નથી ન્યાયમાં શતનો નામ. હઠીલા૦ ૧૦.
અંમે દેશને અરથે કરીએ. હઠીલા૦
કુડા કારભારીઓથી દરીએ. હઠીલા૦ ૧૧.
અમો એવાથી કેમ ઉગરીએ. હઠીલા૦
શાન દોટા માથો કુટી મરીએ. હઠીલા૦ ૧૨.
પ્રજા શરવ દુખે થઇ ખાલી. હઠીલા૦
અરજી શરવની શાયબે જાલી. હઠીલા૦ ૧૩.
તમને રંચ નથી દરકાર. હઠીલા૦
તેથી નીકરસે નઇ શાર. હઠીલા૦ ૧૪.
તમો શારો પ્રજાનો જો ધારો. હઠીલા૦
પેહેલા કાયદા પુરા શુધારો. હઠીલા૦ ૧૫.
નથી કાયદે કરજીની બારી. હઠીલા૦
તેથી રંક પ્રજાની ખોહારી. હઠીલા૦ ૧૬.
એવો વાતનો કાઢજો શાર. હઠીલા૦

ફરી ધારજો દીરગ વીચાર. હઠીલા॰ ૧૭.

તમને જાજો કહેશું થાય. હઠીલા॰

ટાલો ભરમ પોતાનો જાય. હઠીલા॰ ૧૮

પ્રજા શેરની શરણ પીકાર્યે. હઠીલા॰

પોકે પોકે પુકારે હાર્યે, હઠીલા॰ ૧૯.

કીધા વાણીએ વહાણો બંધ. હઠીલા॰

નથી દેસમાં કોડીનો ધંધ. હઠીલા॰ ૨૦.

તમે શાંભળતા નથી વાત. હઠીલા॰

ધોળે દહાડે પડી ગઈ રાત. હઠીલા॰ ૨૧.

રાગ કાફી.

કછી ભાષાની કવીતા.

વાલો ગોરાલપીર બેનીરે અમને વાલો ગોરાલપીર (ફ રાગ નીચે)

દેશડાનિ દોરાઈવ્યો દેશાત આંજો દેશડાનિ દોરાઈવ્યો.

જુલમી જાલમજો પગાયો, બાવારે આંજો દેસડાનિ ટેક.

જુલમ નગરથી જાલમ આવ્યો. હદીમાં હળહળ થયો;
અચધિ અશાંતે ગજબ ગુજારે, * જોરાણુ થીયોં. બા૦
અંન ધંન માલ અશાંજા લુંટઈ, લાજ લુંટણ તે ગયો.
બિરે બજારમાં બોજીઆણીવ્યો, *જુલમિ ધાણી આયો. બા૦
૬નમાબ ખાતો અજબ અંધારો, કમ કોરીદજો જરે થ્યો.
કુંટણ કરડા કુલ કારભારી, *ધાયોં તનિજો નિચ્યો. બા૦ ૩.
બખુ હજારં લાંચુ ગનિએ, કરી હકજો ભ્યો.
ધારી ધુકારે ધાડ વિજેધ્યા, *બાવોનિ ન્યારે પ્યો. બા૦ ૪
દુખ દરીએ ડુબ્યો દેશડારે, ધાણ ગરિબે વ્યો,
જુલમ ગુજારે જાલમો, *બાવોચે સુક્યો. બા૦ ૫.
ધરાધણીકે ધારી ધુકારે, મોઅડી માજન રયો.
બાવો બોલ્યા બડ બંદી હતા, થાનાર થ્યો શે થ્યો. બા૦ ૬.

---

* જેતે જગોપર આવી ટાંપ મુકેલીછે તતે ડેકાણે ગટની રીતે (અલા) એવો શબ્દ બોલ્યાથી શારો લાગશે. પાછળ ટાંપ નાખેલી નથી માટે સુધારીને વાંચવું.

જુલમ કરેજે જાલમુરે, એટા કદેકેન કયે;
મોતી મિંદર માયલા તેજો, હાર હમેલી રયો. બા૦ ૭.
જેનો અશાંતે વારસોરે, શેખણ પતરી વ્યો;
બાલા બમાઓ જાટીઓ, જદાં હુકમ હજુરી નથો. બા૦ ૮.

રાગ કાફી.

ઢાલ ઉપર પરમાણે.

દેશડકે સામી ન્યાર બાવારે પાંજે દેશડકે શાગો ન્યાર.
પંઢજી ભાગી પ્રજા કેમ માર. બાવારે પાંજે.
જુંભી જુંભી જન થાકીઆરે, કઢયોન કોદીઅ મોર;
શુણો નથા શચી શેરજી આજે. આળશ જોનાક પાર. બા૦ ૧.
જુલમ જનુની જામીઓરે, જામ્યો રાજદુવાર.
ચોર વડા મોતિ સુંગે તેજે મુલજો નાય સુમાર. બા૦ ૨.
પીએ વેરાયા વાંણીઆરે. કુટી કુટી રયા ઠાર;
પચી પચી પીડા થેઆતેજે, પીડા જોનાય પાર. બા૦ ૩.

કર્યો નિતીજા શંકુટોરે, કર્યો પ્રજાતે પ્યાર;
શીર વસાવ્યો શહાશથી, કઢો કાર ભારી એકે બાર. બા૦ ૪.
શીર દીશા શર કારજારે, વર્તે જેજેકાર;
તેલ વિગર દિવડા બરેજાદા, પાણીણા પુરે વેહાર. બા૦ ૫.
પુછો પ્રભુજી પેરણારે, વક્રમ પ્રક્રમ ન્યાર;
ગયો તંગીજન દાખલા આંજો, શુક્ર કર્યો શંશાર. બા૦ ૬.
શુણો નથાક શાર્યા નથારે, અશીન સમજો શાર;
કુરો વીચાર્યા કાલજે આજો, જાયર આણ્યો વિચાર. બા૦ ૭.
બડન બધઉ અશી બાવલારે, મુડે મુડે કરિયુ મનુહાર;
પુછો અશાંકે પ્રેમથી આંકે, શારો જણાયું વિચાર. બા૦ ૮.
ઓતા અજે અરથ ડેરે, મુડેમ દીજા માર;
કુરજ વજાઓ પાંણુજીકઢો, ગાલજો અમુલ શાર. બા૦ ૯.